





ગ્રાંટ, યોજના, મંજૂરીઓની થશે તડાફડી!
અને ઉદ્યોગો-કારખાનાની થશે પડાપડી!
ચડાખડી થશે હવે વ્હાલા થવાની સ્પર્ધામાં -
સત્તા, પ્રધાનપદ માટે ય થશે દોડાદોડી!




જોડાઇ જશે,
બધા એકમેકથી -
નદીઓ જેમ..
(સંપ ની ધાક)

હાક વિના જ -
થઇ જ જશે બધું!
માત્ર ધાકથી..
(પ્રભાવ)

## ચિંતન

*વિપદિ ધૈર્યમથાભ્યુદયે ક્ષમા, અદસિ વાકપટુતા યુદ્ધિ વિક્રમઃ ।*
*યશસિ ચાભિરતિર્વ્ય સનં શ્રુતૌ પ્રકૃતિ સિદ્ધિમિદં હિ મહાત્મનામ્ ॥*

ભર્તૃહરિ 'નીતિશતક'નો આ શ્લોક છે :

'વિપત્તિ-દુખ-સંકટના સમયમાં ધીરજ અને ઉન્નતિ-પ્રગતિના સમયમાં ક્ષમાશીલ સ્વભાવ રાખવો, સભામાં-દરબાર કે સમિતિની બેઠકમાં વાણીની ચતુરાઇથી પ્રભાવ ઉભો કરવો, તથા યુદ્ધ-લડાઇમાં પરાક્રમ-હિંમત દર્શાવવી; અને જયારે યશ મળે કીર્તિ મળે ત્યારે સૌને સહભાગી બનાવી પ્રેમનું વિતરણ કરવું - શાસ્ત્રજ્ઞાનનું વ્યસન રાખવું, આ બધાં જ મહાપુરૂષોના સ્વભાવજન્ય લક્ષણો છે. અર્થાત્ આવા સદ્‌ગુણો ધરાવનારને મહાપુરૂષ કહી શકાય.'

મહાપુરૂષના લક્ષણ-વ્યવહાર સ્વભાવ સમજાવતાં કહેવામાં આવ્યું છે કે - માણસ ક્ષમાશીલ હોવો જોઇએ - કોઇ દ્વેષ-ઇર્ષા કે આપણું બરું વાંચ્છે છતાં પણ મન-વચનથી એને માફ કરે.

રાજ દરબાર-પંડિતોની સભામાં પોતાનો પ્રભાવ જરૂર બતાવવો-પણ અન્યાયો સામે ચોક્કસ લડી લેવું-હિંમત દર્શાવવી.

સમાજમાં સૌની સાથે જીવમાત્રને પ્રેમ-દયા આપવી. શાસ્ત્રજ્ઞાનમાં રસ રૂચિ રાખવાં.

## સુવિચાર

- નદીની જેમ આપણું હોવું ખુલ્લું મુકી દો.., ગમે તે માર્ગ લો, સમુદ્ર સુધી પહોંચવાનું છે *- ડો. વિવેક ટેલર*
- દાનત ગમે તેટલી સારી હોય, પણ દુનિયા તમને તમારા દેખાવથી ઓળખે છે, અને તમારો દેખાવ ગમે તેટલો સારો હોય, ઇશ્વર તમને તમારી દાનતથી ઓળખે છે *- એસ. ભટ્ટાચાર્ય*
- સંબંધ એવા વસ્ત્રો જેવો હોવો જોઇએ, જે એટલો બધો ચુસ્ત ન હોય કે જેને કારણે અકળામણ થાય, એ એટલો મોકળો હોવો જોઇએ જેમા કસરત સહજતાથી થઇ શકે *- ચિત્રલેખા*
- પ્રેમ આપવામાં અને વેરની વસુલાત કરવામાં નારીને કોઇ શક્તિશાળી પુરૂષ પણ પહોંચી ન શકે *- જ્યોર્જ હાર્વી*
- કૂવામાં પડવું હોય તો દોરડાની જરૂરત નથી. કૂવામાં ઊતરવું હોય તો જ દોરડાની જરૂર પડે *- સ્પેનીશ કહેવત*
- પ્રેમ કરવા માટે ઉત્તમ કલાકારની કળા જોઇએ, પરંતુ તેને નિભાવવા માટે સંત જેવી સાધનાની જરૂર પડે *- ઓશો*
- બીજાના હૃદય જીતી લેનાર વ્યક્તિ નસીબદાર ખરી, પણ જે વ્યક્તિ પોતાની જાતને જીતી શકે તેના જેવી ભાગ્યશાળી વ્યક્તિ જગતમાં એકેય ન ગણાય *- અખંડ આનંદ*

*(સંકલન : દીપક વી. આસરા)*

## બોધ કથા

આજે ડોકટર-ઇજનેર બનવા વાલી-વિદ્યાર્થી તનતોડ-ઘનતોડ મહેનત કરે છે. કોઇ પણ જાતના રસ્તા અપનાવે છે, પરંતુ જયાં સુધી વિદ્યાર્થીને 'મન'માંથી લગની-પ્રેરણા-ઉમંગ અને ઉત્સાહ ન જાગે ત્યાં સુધી કોઇ જ ઉપાય-મહેનત કારગત નિવડતી નથી.

ઉત્તરપ્રદેશના નાના ગામમાં ગોવિંદ નામનો એક હોંશિયાર વિદ્યાર્થી હતો. નાનપણથી તેને એક જાગીરદાર પુત્ર સાથે મૈત્રી હતી. હાઇસ્કૂલ કક્ષાની પરીક્ષા પછી બંને છૂટા પડી ગયા. મિત્ર શહેરમાં પિતા અધિકારી હતા તેથી ત્યાં રહેતો હતો. એકવાર ગોવિંદ તેના મિત્રના આગ્રહવશ તેને ત્યાં રોકાવા ગયો; પણ મિત્રના પિતાને આવા ગરીબની મૈત્રી ગમી નહીં - અને વર્તનમાં અણગમો સ્પષ્ટ દેખાયો.

ગોવિંદે એ જ સમયે, 'અધિકારી' થવાનો મક્કમ નિશ્ચય કરી લીધો. અને 'આઇ.એ.એસ.' થવાનો સંકલ્પ કરી લીધો.

સખત પરિશ્રમ-વાચન કરવા લાગ્યો લોકો એનું ગાંડપણ જોઇ આશ્ચર્ય પામતા કોઇ તો તેને 'ગાંડો' જ કહેતા.

... પરંતુ મક્કમ મનોબળ અને દ્દઢનિશ્ચય શું ન કરી શકે. ગોવિંદ આઇ.એ.એસ. થયો અને આજે આ શ્રી ગોવિંદ જયસ્વાલ કોહીમા (નાગાલેન્ડ) જિલ્લાના કલેકટર પદે બિરાજમાન છે...

એમની લગન અને મનોબળને સો સો સલામ.

Email - sureshchandrabhatt18@gmail.com

# મોદીના માથે મુગટ..!! MODI-FICATION માટે મતોનો મંત્રોચ્ચાર..!!

## મોદીની આંધીમાં વર્ષોથી જામી પડેલાં પક્ષો અને નેતાઓનો કચ્ચરઘાણ 'અચ્છે દિન આને વાલે હૈ'નાં વિશ્વાસ સાથે મોદી પર મતોનો વરસાદ

'હર હર મોદી, ઘર ઘર મોદી...' 'સબ કુછ મોદી'... 'ચાય પે ચર્ચા'... 'અબકી બાર મોદી સરકાર, કોંગ્રેસ કા હો ગયા અંતિમ સંસ્કાર'... 'મોદીના નામે મતોનું વાદળું ફાટ્યું'... 'મોદીની લહેરમાં ભલભલાં તણાયાં'... 'મોદીના બુલડૉઝરમાં જામી પડેલાં પક્ષો અને નેતાઓનો કચ્ચરઘાણ'... 'મોદીનું સાફસફાઇ અભિયાન, આઠ રાજયોમાં કોંગ્રેસ વાળી ઝુડીને સાફ'... 'કેજરીવાલ નામનો નૌટંકી પરદા પાછળ ગાયબ'... 'નાત-જાત પરથી ઉપર ઉઠી સૌએ મોદીને મતોથી નવાજ્યા'... કેટકેટલાં મથાળાં સાથે છેલ્લાં કેટલાંક દિવસનાં અખબારો સજ્યા છે...

લોકસભાની ચૂંટણીનાં પરિણામો આવ્યાં અને નરેન્દ્ર મોદીની લહેર સુનામી બની ત્રાટકી અને એનાં ધસમસતાં પ્રવાહમાં ૧૨૮ વર્ષનો ઈતિહાસ ધરાવતી કોંગ્રેસ પત્તાની મહેલની જેમ ઢળી પડી... આમ પણ સુનામી ત્રાટકે એટલે ગમે તેટલાં અડીખમો અભિમાન કરતાં હોય પણ એ ઝાઝી ભીંસ ઝીલી ના શકે... છ મહિના પહેલા ભાજપ કે મોદી આવો ઐતિહાસિક વિજય મેળવશે એવી કલ્પના તો એમણે ખુદેય નહીં કરી હોય. ૧૯૮૪ બાદ પ્રથમ વાર જ ભારતમાં કોઇ પક્ષ સ્પષ્ટ બહુમતી સાથે ચૂંટાઇ આવ્યો અને નરેન્દ્ર મોદી કુરૂક્ષેત્રના કૃષ્ણના વિરાટ સ્વરૂપ જેવાં સૌ સમક્ષ આવીને ઊભા રહ્યાં!!



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

'અચ્છે દિન આનેવાલે હે'... એવું વાતાવરણ તૈયાર કરવામાં મોદી ટકા સફળ રહ્યાં. એની વિરૂદ્ધ 'મૈં નહિં હમ'ના કોંગ્રેસના નારાને લોકો ફગાવી દીધો. કોંગ્રેસ વિરોધી વાતાવરણ દેશમાં હતું જ અને એનો અંદાઝ કોંગ્રેસને હતો જ, માત્ર એ વિરોધની આગ પર ગંગાજળ છાંટવાનું કામ એના એકેય નેતાને કરતાં આવડ્યું નહીં. લોકોને પર્યાય જોઈતો હતો, અને એમાં મોદીની હવા જામી ગઇ અને લોકોએ મોદીના માથે રાજ મુગટ પહેરાવી દીધો...



પારંપારિક નાત, જાત, કટ્ટરવાદ, પક્ષ, વ્હાલા-દવલાની બધી ફુટપટ્ટીઓનાં માપ આ વખતે લોકોએ ફગાવી વિકાસથી જક્કાસ તરફ આકર્ષાયા છે અને એમની આ માનસિકતામાં કોંગ્રેસ અને સાથી પક્ષોની ઈજ્જત ધૂળધાણી થઈ ગઇ... નહેરૂ-ઈન્દિરા-રાજીવની કોંગ્રેસની હાલત તો એવી થઈ છે કે ઉત્તરપ્રદેશમાં ભાજપને જેટલી સીધો મળી એનાથી પણ ઓછી એમનાં પુરાં ભારતની સીટોનો સરવાળો ના થઈ શક્યો, અને જેમ લક્ષ્મણે શુર્પણખાનું નામ વાઢ્યું તું એવું જ કોંગ્રેસનું નાક કપાઈ ચુક્યું છે. આ આખી ચુંટણી પ્રક્રિયા મોદીમય હતી અને એમણે એ એકલાના ખભે આખો દરિયો તરી લાવ્યાં છે. જેમણે જેમણે એમનો વિરોધ કર્યો એમનો સફાયો કરી નાંખ્યો છે. એમની લહેરમાં નીતિશ-જશવંત-કેલરીવાલ-અડવાણી-સુષ્ણા-માયા-મમતા-જયલલિતા-રાહુલ-સોનિયા બધાનાં બધાનાં કાંતો ડુબી ગયા કાં તો એની લપેટમાં પછડાટ ખાઈ ચૂક્યાં છે!!

રાષ્ટ્રીય રાજકારણમાં કદાચ કોઈ એકલા નેતાની છપ્પનની છાતીએ ગુજરાત-રાજસ્થાન-દિલ્હી-હિમાચલ-ગોવા સંપૂર્ણ ભગવો તો મહારાષ્ટ્ર-યુપી-બિહાર-મ.પ્ર. - ઝારખંડ-છત્તીસગઢમાં બે-ચાર સીટો બાદ કરતાં બે હાથે લૂંટાય એટલી સીટો લૂંટી લીધી છે... કયારેક મુઠ્ઠીભર સીટો ધરાવતો પક્ષ ભાજપ રાષ્ટ્રવ્યાપી બન્યો, જેટલો અટલ-અડવાણી યુગમાં નહોતો એટલો મોદીયુગમાં મહાસત્તા પામી ગયો. કદાચ અડવાણીની અડીયલગીરી પર મોદી ઝુકી ગયાં હોત તો પરિણામો અવશ્ય અલગ જ હોત!!

છેલ્લા ત્રીસ વર્ષથી સરકાર કોકન ટેકા વગર ચાલી નથી અને એટલે હંમેશા તકલીફમાં જ મુકાઈ છે. ભાજપ પોતાના પગ પર જ સરકાર બનાવશે એટલે કોઈને ભઈ-બાપા નહીં કરવા પડે. લટકી પડેલા અને બે-ચાર ચીટો સાથે સંસદમાં પહોંચનારા પક્ષોને પલાંઠી વાળી બેસવા સિવાય કોઈ ચારો નથી. ભાજપ હવે આ પક્ષો-સાંસદો સાથે કેવો વ્યવહાર કરશે એ જોવું પણ રસપ્રદ બની રહેશે. પક્ષ કરતાંય પોતાનું કદ મોટું કરી ગયેલાં મોદીની તુલના ઈન્દિરા ગાંધી સાથે થશે. ફરક એટલે છે કે ઈન્દિરા ગાંધી સાથે યસમેનો હતાં જયારે અહીં પ્રમાણમાં પ્રશ્નો ઉપાડી શકે અને અવાજ પહોંચાડે એવા સભ્યો છે!

મોદીની આંધી આ વખતે જે ચાલી છે એમાં એમણે શાંત ચિત્તે અને જરૂર પડે ત્યાં આક્રમક રૂખ અપનાવી પ્રચારનું વાવાઝોડું ચલાવ્યું. આમાં ગુજરાતના વિકાસ મોડેલથી લઇ છેક નીચ જાતિ સુધી જઇ, બાંગ્લાદેશી હિંદુ ઘૂસણખોરોને અભય વચન આપી મુસ્લિમો માથે માથું નમાવવા સુધી મનોએ પાછું વળીને જોયું નહીં. આ બધી વાતોની ટીકા પણ કરાય એમ છે, પણ કહેવાય છે કે 'એવરી થીંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર' અને કદાચ મતદારોએ એટલે જ વિશ્વાસ મુક્યો... ઉત્તર ભારતના માર્ગે જ દિલ્હીની રાજગાદી મળે છે, એ બરાબર સમજી ચૂકેલા મોદીએ ત્યાંના જાતિ-ધર્મના સમીકરણ અને નવી પેઢીની આકાંક્ષાનો મેળ પાડી અમિત શાહ જેવા મતોના ધ્રુવીકરણમાં માસ્ટર માઈન્ડને ઉત્તરપ્રદેશમાં ઉતારી દીધાં...

અને પરિણામ આપણી સમક્ષ છે. યુ.પી.ના ઉચ્ચ જાતિના મતો સાથે દલિતના માનસમાં પણ મોદી ઘુસી ગયા, મુલાયમની મુસ્લીમ વોટ બેંક અને માયાવતીના દલિત વૉટ બેંકની વાટ લગાવી દીધી. પ્રાદેશિક પક્ષોની તાકાતને તહસનહસ કરી ૭૧ સીટો ઠોકી લીધી અને 'રામજી કી નીકલી સવારી' દિલ્હી દરબારના માર્ગે પુષ્પવર્ષા કરતી ચાલી નીકળી... તામીલનાડુમાં જયલલિતા, પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી અને ઓરિસ્સામાં નવીન પટનાયકને બાદ કરીએ તો પ્રત્યેક રાજયમાં દિલ્હી ગાદી તરફ તાકીને બેઠેલાં એલફેલ પક્ષોને સણસણતો જવાબ આપ્યો છે...

મુલાયમની મુસ્લિમ બેંક, માયાવતીની દલિત બેંક, લાલુની યાદવ ફોર્મ્યુલા બધાં પર મોદીની મર્દાનગી ભારે પડી. ત્રીજા મોરચાને તાકીને બેઠેલાં મમતાનાં દિવાસ્વપ્નો પર પણ ઠંડુ પાણી રેડાયું... અને પેલો 'આમ આદમી', દિલ્હીની વિધાનસભાને મશ્કરી સમજી રેઢી મુકવાનો ખેલ એવો તો ભારે પડ્યો કે કેજરીવાલ બોલી ઊઠ્યા 'સબ કી મીલી ભગત હૈ' સરદારમાં બુદ્ધિ ના હોય એવી જૉક ઘણી ફરતી હોય છે, પણ પંજાબમાં 'આપ' ને ચાર ચીટો આપી એમણે જૉકને હકીકતમાં ફેરવી દીધો છે!! 'અમારા સિવાયના બધા ચોર' એવું કહેતા કેજરીવાલ કઇ ગલીઓમાં જઇ એમના ઝાડુથી સફાઇ કરશે એ કોયડો જ છે!!

આ વખતની ચૂંટણીમાં મોદી મેજીક એવો સોલિડ હતો કે મતદારો મન બનાવી બેઠાં હતાં અને મોડિફીકેશન માટે મતોનો મંત્રોચ્ચાર માત્ર મોદી માટે જ કરતાં હતા. ભારતીય ઈતિહાસમાં સૌથી ઓછી સીટો મેળવવાનો કલંક કદાચ કોંગ્રેસ ટાળી શકી હોત પણ એમણે જે રાહુલના હાથમાં મોદી નામના વાવાઝોડા સામે દીવો પ્રગટાવવાનું કામ આપેલું એ દૂધ પીતો સાબિત થયો. ખાલી આદર્શવાસી ભાષા લોકોને ગમતી નથી. મોદીની આક્રમકતા, પ્રચારના મુદ્દા, વ્યુહનીતિ, વિરોધીના મુદ્દાને પોતાની તરફ વાળવાની ક્ષમતા, યુવા મતદારોને આકર્ષવામાં જે સજ્જતા બતાવી એમાં રાહુલ-સોનિયા રીતસરનાં ગોથે ચઢી ગયા, કોંગ્રેસના પ્રચારમાં જાન નહોતી અને પરિણામ બાદ એમની જાન નીકળી ગઈ!!

અબકી બાર મોદ સરકાર... માં વારાસણીના રિક્ષાવાળાથી લઈ દિલ્હીના ઉદ્યોગપતિઓને વિશ્વાસ મુક્યો છે. 'અચ્છે દિન આનેવાલે હૈ' સાથે સૌ પરિણામને વધાવવા રસ્તા પર આવીને નાચ્યા છે. પાણી, વીજળી, મોંઘવારી, રોજગારી, વિકાસ જેવા જટીલ પ્રશ્નો મોદી સામે મોં ફાડીને ઊભા છે. વચનોનો મારો પ્રચાર વખતે ચાલ્યો છે. સામાન્ય માણસોને મોદી પાસેની પ્રચંડ અપેક્ષાઓ છે. સત્તા પર તો આવી ગયાં પણ 'રાજધર્મ' નિભાવવાની કસોટી શરૂ થશે. મોદીની કાર્યક્ષમતા પર કોઈને શંકા જ નથી, માત્ર પબ્લિક જયારે મતોનો મારો મોદી પર ચલાવ્યો છે, ત્યારે એના વ્યવસ્થિત પરિણામ પ્રજાના છેવાડાના આદમી સુધી પહોંચે ત્યારે જ મોદી સરકાર વિન થશે!!

***ચૂંટલો :***

કોમન મેનથી પબ્લીક મેન એટલે કે સી.એમ.થી પી.એમ. સુધી પહોંચનારા મોદી આજે યુથ આયકૉન છે. મજબુત ઈચ્છાશક્તિ માણસને પ્રાઈમ મિનિસ્ટર બનાવી શકે છે, હવે એ સામાન્ય માણસને પ્રાઈમ સમજી એની ઈચ્છાઓને પરિપૂર્ણ કરે ત્યારે સાચ્ચાં પબ્લીક મેન બની શકે.

## મનને લગામ લગાવવાની ગમે તેટલી કોશિષ કરો પણ લાગતી જ નથી, લગાવમાં એવું ગુરૂત્વાકર્ષણ છે કે ફરી ફરીને મન તેને જોવા પાછું વળે છે, કેવું મોરના પીંછા જેવું હળવું ફુલ થઇને મન થોડી પળો પ્રિયજન સંગે વિતાવવા માંગે છે

### નવાં કલેવર

*- નટવર હેડાઉ*

*(ગતાંકથી આગળ...)*

સવાર સાંજ લ્હા કે ડીરના ટેબર પર સામાન્ય વાતોનો વિષય હવે ફેસબુક બની ગયેલ.

'મારા અઢીસો ફ્રેન્ડ્સ બની ગયા.' આકાંક્ષાના સ્વરમાં ઉત્સાહ વર્તાતો.

'મોમ શું વાત છે. મારા તો સો પણ નથી થયા. જરા ધ્યાન રાખીને સામેલ કરજો, આમાં ફ્રોડ બહુ થતું હોય છે.' દીકરી ઉત્સાહ વધારતી તે સાથે ચેતતા રહેવાની સલાહ પણ આપતી.'

'હાં મેડમ તમે જ કહેલું છે કે આઇડેન્ટીટી ફોલ્સ પણ હોય છે.' કહેતાં બધાં હસી પડતાં.

'આ તેં તારી મમ્મીને ફેસબુકનું સારું શીખવાડી દીધું છે. ચાલો એ વાતે બીઝી તો રહેશે નહીંતર... કહીને છોડી દીધેલા વાક્યમાં રહેલ વ્યંગ અને દયાભાવને પામી ગયેલ આકાંક્ષા તેનામાં પ્રવેશી ગયેલી કડવાશને ગળી ગઇ. પણ સુનિધિએ ખુબ સહજતાથી કહી દીધું.' 'પપ્પા તમે ફેસબુકની વાત કરો છો, મોમ તો જી-મેઇલ અને ગુગલ પર સાઇટસ સર્ચ કરી લે છે. હું મારા એસાઇનમેન્ટની માહિતી નેટથી કાઢવાનું કહું તો એ બેસ્ટ લીંક અને સાઇડ્ટ પરથી તેને રીલેટેડ મેટર દિવસ દરમિયાન શોધી કાઢે છે. એ તો એણે કોઇ સર્વીસ જોઇન નથી કરી નહીંતર એ સારી પોસ્ટ ઉપર હોત. મોમ કંઇ પણ નવું ખુબ જલ્દી કેમ કરી લે છે.'

'ઓહ! ગુડ ગુડ' આસુતોષ આગળ કંઇ વધુ બોલ્યો નહીં. તેને નીચી સાબિત કરવાની કોશિશ કરતા આસુતોષના વ્યંગબાણ ને કડક લ્હાના ઘુંટડા સાથે ગળી જવાનું એ પહેલેથી જ શીખી ગઇ હતી. એ સિવાય છૂટકો પણ નહતો.

બધાના ગયા પછી આકાંક્ષા ફ્રી પાછી પોતાની આભાસી દુનિયામાં આવી ગઇ. આજે પણ આકાંક્ષાને અભિનવ નામનો વ્યક્તિ ન દેખાયો, ફ્રેન્ડ્સ પર જઇને તેની પ્રોફાઇલ પણ ચેક કરી જોઇ કયાંક એ તેને કસ્ટમ તો કરી દેતો નથી ને! પણ ના, એવું થયું નહોતું, કયાંક તબિયત તો બગડી નહીં હોય ને! ખેર! જવા દો મારે શું? નામનું આકર્ષણ શું કામ? તે આગળની પોસ્ટ પર નજર નાંખતી તી ત્યાં તેના સ્ક્રીન પર અવતરિત તાજી પોસ્ટ નજરે પડી. ઓ હો! તો આજે જનાબ હાજર છે. તેનું મન પ્રફુલ્લિત થઇ ઉઠ્યું. તેણે બે મિનિટ પહેલાંની અનિભવની એકટીવીટી જોઇ. તેણે અદાથી લાલ ગુલાબવાળો પુષ્પગુચ્છ પકડેલો એક યુવકનો ફોટો જેમાં તે અડધો ઝૂકેલો હતો. તેની સાથે બે રોમેન્ટીક પંચ લાઇનો લખેલી હતી.

'ઝાંખા અક્ષર સજળ નયન, છોડી ગયાં તમે,
ખબર હતી કયાં મળશું આમ, મળી ગયાં તમે'

જાણે એ બધું એના માટે જ મુકવામાં આવ્યું હતું. આકાંક્ષા વિહ્‌વળ બની ગઇ. જૂના જખ્મો તાજાં થયાં, સ્ક્રોલને ઉપર નીચે ફેરવતી આંગળીઓ ને બળપૂર્વક તેને રોકવી પડી. એની સાથે વળી કયાં એવી ઓળખાણ હતી. વિચારતાં તેણે ઝટકા સાથે આગળ આવેલા વાળને પાછળ કર્યા. ખોવાયેલં મિત્રોને મેળવી આપતી ફેસબુક મળી ત્યારે તે મનોમળ ખુબ ખુશ થયેલી. ચેટીંગનું બટન ઓન કરીને જોયું તો હજુ એ ઓનલાઇન છે. 'આટલા દિવસ કયાં હતો?' તે અજાણ મિત્રને આવું પુછતાં પોતાની જાતને રોકી ન શકી. 'બહાર ગયેલો હતો' તરત જવાબ આપ્યો. હવે આકાંક્ષા પાસે પુછવા જેવું કંઇ ન હતું. તેથી એમ જ બેસી રહી. ત્યાં અભિનવની લાઇન સ્ક્રીન પર ચમકી ઉઠી. 'પણ તમે કેમ પુછ્યું' તેને કંઇ કહેવા જેવું ન લાગ્યું. તેથી કહ્યું નથી.

'એકલું લાગતું હતું કે ચિંતા થતી હતી?' સ્ક્રીન પર ફરી શબ્દો ચમકવા લાગ્યા.

'સાયકોલોજીની પકડ આજે પણ એવી જ તીક્ષ્ણ છે. કંઇ બોલ્યા વિના તે વિચારતી રહી.

હવે કંઇ કહેશો કે બસ એમ જ ફેસબુકીયા મૈત્રી નિભાવતાં રહેશો.' આજ બેબાકળા પણું હતું ત્રેવીસ વર્ષ પહેલાં, સમાન નામ રાશિ વાળા તેના આસુતોષે બીજી જ મુલાકાતમાં 'શું યાર આ વાળને જરા ખુલ્લા રાખવામાં તને કંઇ તકલીફ છે.' કહેતાં તેના વાળમાંથી બક્કલ કાઢી દીધું હતું. આ વાત કોલેજકાળના એ સમયની છે જયારે તેના વાળ કમરથી નીચે સુધી લાંબા હતા. આજની જેમ દોઢફૂટીયા નહીં. મારું અનુમાન કદાચ સાચું જ હોવું જોઇએ.આ અભિનવ એ જ હોવો જોઇએ. ના એવું કંઇ રીતે બને, બને જ નહીં ને! તેણે ગભરાઇને પોતાનો એકાઉન્ટ લોગ આઉટ કરી દીધો. એટલે ગભરાટ હતો તો પછી શું કામ અભિનવ નામ રાશિવાળું ફ્રેન્ડ્સના એકાઉન્ટ સર્ચ કરેલા. અમુક બાબતોમાં આપણું કંઇ ચાલતું નથી. સ્વાભાવિક જ આવું થઇ જતું હોય છે અને જયારે કંઇ થઇ શકે તેમ ન હોય ત્યારે પોતાની અંદર ઉઠેલા પ્રશ્નો અનુત્તર રહી જાય છે. કેટલોય સમય અકળામળ રહ્યા કરે છે. આખી રાત, તે દિવસે ફ્લાવર વાઝના ફૂલો ન બદલ્યા. સાંજે ખાવામાં દાળ હતી તેનાથી ચલાવી લીધું. રાતે ગોઉનની જગ્યા એ સાડી જ સુવિધાજનક લાગી.

મનને લગામ લગાવવાની ગમે તેટલી કોશિષ કરો પણ લાગતી જ નથી. લગાવમાં એવું ગુરૂત્વાકર્ષણ છે કે ફ્રી ફ્રીને મન તેને જોવા પાછું વળે છે. કેવું મોરના પીંછા જેવું હળવું ફુલ થઇને મન થોડી પળો પ્રિયજન સંગે વિતાવવા માંગે છે. મનનું કેવું અબળ ઊંડાણ છે કે જીવનની તમામ શુષ્કતાને ત્યજીને સાગરના ઊંડાણમાં ડુબકી મારવા વિવશ બને છે. આવી આંતરીક વિવશતાને કારણે જ આકાંક્ષા બીજે દિવસે ફ્રી કોમ્પ્યુટર પર બેઠી. ફ્રી ખોલી તેણે હજારો ચહેરાવાળા ફેસબુકને, ફક્ત એક ચહેરો જોવા માટે. તેમાં ચહેરો પણ કયાં હતો? હોત તો જોઇ લીધો હોત. પ્રોફાઇલ ફોટોમાં ગુલાબના ફુલોનો ગુચ્છ તેણે મુકેલો હતો. ત્રણ મેસેજ હતા. હાં એ પણ તેના જ.

પહેલો, 'તમારા જ શહેરમાં આજે અને કાલે છું, પરમ દિવસે જોમ માટે કાયમ માટે યુ.કે. જતો રહીશ. તે પહેલાં મળવા માંગુ છું.'

બીજો - 'મને ખબર છે અત્યારે ભલે મારાથી કંટાળીને તમે એકાઉન્ટ બંધ કર્યું હોય. કાળે આ સમયે જરૂરથી ખોલશો. અને... હાં, કાલે હું અહીંયા નહીં પણ હોટલ ફોર્ચ્યુન લેન્ડ માર્કમાં તમારી રાહ જોઇશ. અન્ડર ગ્રાઉન્ડ હોલની ડાબી દિવાલ પાસેના ટેબલ પર, નેવી બ્લ્યુ શર્ટમાં તમે મને ઓળખી જશો.'

ત્રીજો - 'હું રાહ જોઇશ... હાં રાહ જોતો રહીશ પ્લીઝ...'

***(ક્રમશઃ)***

# પ્રેમ વગરનાં લગ્ન અને લગ્ન વગરનો પ્રેમ

### ગુલમહોર

*- દિનેશ દેસાઈ*

જેમને પ્રથમ અમેરિકનની ઓળખ મળી છે, એવા અમેરિકાની સ્થાપનામાં યોગદાન આપનાર મહાન વિચારક, લેખક બૅન્જામીન ફ્રેન્કલિન (૧૭૦૬ – ૧૭૯૦) એ કહ્યું છે કે **"Where there is marriage without love, there will be love without marriage."** "ક્યાંક પ્રેમ વિનાનાં લગ્ન હોય અને ક્યાંક લગ્ન વિનાનો પ્રેમ હોય." – પ્રેમ વગરનાં લગ્ન અને લગ્ન વગરનો પ્રેમ.

ગુજરાતી નાટ્યના એક પ્રકાર ભવાઈકળામાં અસાઈત ઠાકરે ૩૬૫ દિવસ ભવાઈ વેશ ભજવી શકાય એ માટે ૩૬૫ વેશ લખ્યા છે. એમાંના એક વેશનું નામ છે : "કજોડાનો વેશ". આપણી આસપાસની દુનિયામાં કલાપીની જાણીતી ગઝલના મત્લઆના શે'રની જેમ તમે જ્યાં જ્યાં નજર માંડો ત્યાં પહેલી નજરે ખ્યાલ આવી જાય એવા કજોડાના વેશ અવશ્ય જોવા મળે. બીજી નજરે જોવા માટે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે અવલોકન કરો તો તરત ખ્યાલ આવી જાય કે લગ્ન છે પણ પ્રેમ લાગતો નથી. યુવક – યુવતી વચ્ચે મનમેળ હોય, પ્રેમ હોય પણ કોઈકને કોઈક કારણસર તેમનાં લગ્ન શક્ય ન હોય. બીમાર સમાજજીવનની આ તસવીર અને તાસીર છે.

**લગ્ન હોય અને પ્રેમ ન પણ હોય, પ્રેમ હોય પણ લગ્ન શક્ય ન હોય એવું આપણા સમાજમાં બનતું રહે છે, આ જ છે સમાજની સચ્ચાઈ**

બૅન્જામીન ફ્રેન્કલિનના કહેવા પ્રમાણે લગ્ન હોય અને પ્રેમ ન હોય. પ્રેમ હોય પણ લગ્ન શક્ય જ ન હોય. શું લગ્ન શક્ય હોય તો જ પ્રેમ કરી શકાય? કવિ તુષાર શુકલ એક ગીતમાં કહે છે ને કે "એમ પૂછીને થાય નહીં પ્રેમ, દરિયો કંઈ રેતીને પૂછે કે તને ભીંજાવું ગમશે કે કેમ? એમ પૂછીને થાય નહીં પ્રેમ."

અમેરિકાના જાણીતા લેખક અને પ્રકાશક બૅન્જામીન ફ્રેન્કલિન એક રાજનીતિજ્ઞ પણ હતા અને રાજદ્વારી પણ હતા. તેઓ એક વૈજ્ઞાનિક પણ હતા અને સામાજિક ચળવળકર્તા પણ હતા. એક વૈજ્ઞાનિક તરીકે તેઓએ ઘણી બધી શોધ કરેલી છે. વીજળીની શોધ વિષયક થિયરી આપવામાં તેમનું પ્રદાન છે અને ફિઝિક્સનો ઇતિહાસ એ પણ તેમની દેન છે. મહત્વની વાત એ કે તેઓ સામાજિક બાબતોમાં અને

સ્ત્રી-પુરુષો વચ્ચેના સંબંધોના પણ વિશ્લેષક હતા. અલબત્ત તેઓ એક નિષ્ફળ પ્રેમી રહ્યા. તેઓ કહેતા કે "પ્રેમ થઈ જવો એ કોઈ સાધારણ ઘટના નથી. પ્રેમ મળવો, પ્રેમ પામવો, પ્રિયજન મળવું એ લાખોમાં એક સર્જાતી દિવ્ય ઘટના છે."

પ્રેમ કોઈ સાધારણ બાબત કે ઘટના નથી. આ એક દિવ્ય અનુભૂતિ છે. દુનિયામાં કંઈ કેટલાય લોકો સાથે જીવે છે યા તો એક જ જગ્યાએ ઘણી બધી વસતીની હાજરી હોય જ છે. પરંતુ જલદીથી કોઈ વ્યક્તિને કોઈ અન્ય વ્યક્તિ માટે લગાવ થઈ જતો નથી. સમગ્ર ઘટના ગુરુત્વાકર્ષણ છે.

સામાન્ય રીતે પ્રેમને અભિવ્યક્ત કરવા માટે તમે પ્રિય પાત્રને કોઈ ચીજવસ્તુની ભેટ આપો છો. ભેટ કોને ન ગમે? એ સૌને ગમે અને સારી જ લાગે. પરંતુ પ્રેમમાં કોઈ ગણિત ન હોય અને હોય તો એનું ગણિત અને કક્કો – બારાખડી સાવ જુદાં છે. આપીને પામવાનું નામ પ્રેમ. માગવાનું નામ પ્રેમ નહીં. પ્રેમમાં ભીખને સ્થાન ન હોય.

પ્રેમમાં ભેટ-સોગાદને પણ સ્થાન નથી. પ્રેમમાં બે બાબતો ખુબ જ મહત્વની છે. (૧) સ્પેસ આપવી અને (૨) ટાઈમ આપવો. સ્પેસ આપવી એટલે કે અનુકૂળતા કરી આપવી, એકાન્ત આપવું. – એક વ્યક્તિનું એકાન્ત. દરેક વ્યક્તિને પોતાની આગવી સ્વતંત્રતા હોય છે. થોડા સમય પૂરતું જ્યારે સાથીને પોતાની જાત સાથે વાત કરવાનું મન થાય ત્યારે એ વ્યક્તિને એકલી પણ છોડી દેવી જોઈએ.

સ્પેસ આપવાની ઉદારતા પણ સંબંધમાં મહત્વનો ભાગ ભજવે છે. આ જ પ્રમાણે પ્રિયજન સાથે ક્યારે સાથે રહેવું અને ક્યારે એને એકાન્ત આપવું એ પણ વિવેકની વાત છે. જે બીજો મુદ્દો ટાઈમ આપવાનો છે, તે પણ ખુબ મહત્વનો છે.

પ્રિયજનને જ્યારે તમારી જરુર હોય ત્યારે તમારે સમય આપવો રહ્યો. જ્યારે પ્રિયજનને તમારી જરુર હોય ત્યારે જ તમે સમય ન આપી શકો તો પછી એવા પ્રેમનો કોઈ જ અર્થ રહેતો નથી. કારણ કે સમય આપવાની વાત અને સ્પેસ આપવાની વાત લાગણી સાથે અને હૃદય સાથે જોડાયેલી વાત છે. આ કોઈ ચીજવસ્તુ નથી કે જેને બજારમાંથી ખરીદી શકાય.

***સ્ટોપર :***

"પ્રેમ એટલે આજુબાજુ કે આગળપાછળ નહીં, એકમેકની સાથે ચાલવું"

*– માર્ટિના નવરાતીલોવા (ટેનિસસ્ટાર)*